**મહામારીનું મહાસંકટ**

# રાજ્યમાં નવા ૨૨૯ કેસ : કુલ ૨૪૦૭ કેસ
# અમદાવાદમાં નવા ૧૨૩ કેસ : કુલ ૧૫૦૧

**રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ મૃત્યુ : કુલ મૃત્યુઆંક ૧૦૩ : અમદાવાદમાં વધુ ૯ મૃત્યુ : કુલ મૃત્યુઆંક ૬૨**

**ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૩ | ૨૩ એપ્રિલ, ૨૦૨૦, ગુરૂવાર; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# આરોગ્ય કર્મચારીઓ પર હુમલા બદલ સાત વર્ષની સજા

**૫૦ હજારથી ૨ લાખ સુધીના દંડની જોગવાઈ : કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નવા વટહુકમને લીલીઝંડી મળી**
**હેલ્થ કર્મી ઉપર હુમલાને ચલાવી લેવાશે નહીં : તબીબના પ્રતિનિધિમંડળની સાથે અમિત શાહની ચર્ચા**



નવીદિલ્હી, તા. ૨૨

કોરોના વાયરસ મહામારીના ગાળા દરમિયાન દેશના તબીબો અને નર્સો ઉપર થઈ રહેલા હુમલાઓને ધ્યાનમાં લઈને સરકાર તેમની સુરક્ષા માટે હવે એક વટહુકમ લઈને આવી છે. હેલ્થકેર વર્કરોને રક્ષણ ઉપલબ્ધ કરાવવા સાથે સંબંધિત વટહુકમને કેન્દ્રીય કેબિનેટે આજે લીલીઝંડી આપી દીધી હતી. નરેન્દ્ર મોદી કેબિનેટની આજે બેઠક યોજાઈ હતી જેમાં ૧૨૩ વર્ષ જુના કાનૂનમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હેલ્થકર્મીઓ માટે વટહુકમ લાવવાનો આ નિર્ણય લેવામાં આવ્યા બાદ તબીબી કર્મચારીઓને સુરક્ષા ઉપલબ્ધ થશે. આ વટહુકમ હેઠળ તબીબો અને અન્ય હેલ્થકર્મીઓ ઉપર હુમલા કરનારને મહત્તમ સાત વર્ષની સજા થઈ શકે છે. કોરોના વોરિયર્સ પર થઈ રહેલા હુમલાઓને કોઈપણ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. કેન્દ્રીય કેબિનેટની બેઠકના સંદર્ભમાં માહિતી આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, સરકાર તબીબો અને નર્સ પર હુમલાને કોઈ કિંમતે ચલાવી લેશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, હેલ્થ કર્મીઓ પર હુમલા કરનાર પર ૫૦૦૦૦ રૂપિયાથી લઈને બે લાખ રૂપિયા સુધી દંડ કરવામાં આવશે. આ ઉપરાંત ત્રણ મહિનાથી લઈને પાંચ વર્ષ સુધીની સજા કરવામાં આવશે જ્યારે ગંભીર મામલામાં મહત્તમ સાત વર્ષની સજા ફટકારવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, આરોગ્ય કર્મચારીઓ ઉપર હુમલા બીનજામીનપાત્ર રહેશે. હુમલા કરનારાઓને જામીન પણ મળી શકશે નહીં. જાવડેકરે કહ્યું હતું કે, આજે સવારે ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધને મેડિકલ કર્મચારીઓ સાથે વિડિયો કોન્ફરન્સિંગ કરીને વાતચીત કરી હતી. તબીબોએ માંગ કરી હતી કે, કોરોના કાળની

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના વચ્ચે મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બન્યા

**ટ્રમ્પ સહિત દુનિયાના નેતાઓથી આગળ નિકળ્યા**
**કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પની લોકપ્રિયતામાં થયેલો ઘટાડો**

નવી દિલ્હી, તા. ૨૨

કોરોના વાયરસના મહાસંકટની વચ્ચે લોકપ્રિયતાના મામલામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્લ્ડ લીડરોને પછડાટ આપી ચુક્યા છે અને પ્રથમ સ્થાન પર પહોંચી ચુક્યા છે. હાલમાં જ કરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા ૬૮ ટકા રહેલી છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતામાં ત્રણ ટકાનો ઘટાડો થયો છે. અમેરિકાની ગ્લોબલ ડેટા ઈન્ટેલીજન્સ

● અનુસંધાન પાન-૭ પર



## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૫૯૨૨૩૪ | ૧૮૧૦૫૨ | ૧૦૧૨૩૧૮ |
| ભારત | ૨૧૩૫૦ | ૬૮૧ | ૪૩૫૨ |
| ગુજરાત | ૨૪૦૭ | ૧૦૩ | ૧૭૯ |
| ગાંધીનગર | ૧૭ | ૦૨ | ૧૩ |

## ફેસબુક દ્વારા જિયોમાં ૪૩ હજાર કરોડનું રોકાણ

**જિયો અને ફેસબુક વચ્ચેની ભાગીદારી ભારતને ડિજિટલ સોસાયટીમાં અગ્રેસર બનાવશે: મુકેશ અંબાણી**

મુંબઈ,તા.૨૨

અમેરિકાની જગવિખ્યાત ટેક્નોલોજી, સોશિયલ મિડિયા કંપની ફેસબુકે રિલાયન્સ જિયોમાં ૯.૯૯% હિસ્સો ખરીદ્યો છે. એ માટે તેણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ટેલિકોમ કંપનીને રૂ. ૪૩,૫૭૪ કરોડ ચૂકવ્યા છે. ૫.૭ અબજ ડોલરના આ સોદા સાથે ફેસબુક જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડમાં સૌથી મોટી માઈનોરિટી શેરહોલ્ડર બની છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીએ એક નિવેદનમાં કહ્યું છે કે દુનિયાભરમાં કોઈ ટેક્નોલોજી કંપનીએ આટલી મોટી રકમમાં માઈનોરિટી હિસ્સો ખરીદ્યો હોય એવો આ પહેલો જ પ્રસંગ છે. ભારતમાં ટેક્નોલોજી સેક્ટરમાં પણ આ સૌથી મોટું એફડીઆઈ મૂડીરોકાણ છે.

ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગે કહ્યું છે કે રિલાયન્સ જિયો અને ફેસબુક મળીને ભારતમાં લોકોને બિઝનેસની નવી તકો પૂરી પાડશે. ફેસબુક સાથેની આ ભાગીદારીને કારણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પર દેવાનો બોજો હળવો થશે. જ્યારે ફેસબુકને ભારતમાં ઝડપથી વિકાસ પામતી અને વિશાળ-ધરખમ માર્કેટમાં અંકુશ જમાવવાની તક પૂરી પાડશે.

ફેસબુક કંપની તાજેતરના વર્ષોમાં ભારતમાં એક જબરદસ્ત માર્કેટ તરીકે ઉભરી આવી છે. દુનિયાના કોઈ પણ દેશ કરતાં ભારતમાં ફેસબુકના વધારે યુઝર્સ છે. તેની સેટ સર્વિસ વોટ્સએપ તો ભારતમાં ૩૪ કરોડ યુઝર્સ ધરાવે છે.

ફેસબુકે કહ્યું છે કે ભારતમાં નાના વેપારીઓ એકબીજા સાથે આસાનીથી જોડાઈ શકે એ માટે તે પોતાના મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપને રિલાયન્સની ઈ-કોમર્સ કંપની જિયોમાર્ટ સાથે સહયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧,૩૮૩ નવા કેસ

**કોરોનાથી ૫૩ લોકોનાં મોત : કુલ મૃત્યુઆંક ૬૪૫ને પાર : સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા એક હજારથી વધુ : મહારાષ્ટ્ર-ગુજરાતમાં સૌથી વધુ મોત : ભારતમાં કોરોના ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૨૦ હજારને પાર**

ન્યુ દિલ્હી,તા.૨૨

દુનિયાભરમાં ભારે હાહાકાર મચાવનાર કોરોના મહામારીએ ભારતમાં પણ ચિંતાજનક પરસ્થિતિનું નિર્માણ કર્યું હોય તેમ સમગ્ર દેશમાં કોરોનાવાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. કોરોના ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૨૦ હજારને પાર કરી ગઈ છે. દેશમાં આ વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૨૦,૦૮૦ થઈ છે. તેમાંથી, ૧૫,૪૬૦ સક્રિય કેસ છે જ્યારે ૩,૯૭૫ દર્દીઓ સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી આ વાયરસથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૬૪૫ પર પહોંચી ગઈ છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જાહેર કરેલા



આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧,૩૮૩ નવા કેસ નોંધાયા છે અને ૫૩ લોકોનાં મોત નીપજ્યાં છે. તે સાથે, દેશભરમાં કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા વધીને ૧૯,૯૮૪ થઈ છે, જેમાંથી ૧૫,૪૭૪ સક્રિય છે, ૩,૮૭૦ લોકો સ્વસ્થ થયા છે અથવા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવ્યા છે અને ૬૪૦ લોકો મૃત્યુ પામ્યા છે. દરમ્યાનમાં ડોક્ટરો દ્વારા આવતીકાલ ૨૩મીની એક દિવસની પ્રતિક હડતાલ કેન્દ્ર સરકારના ગૃહમંત્રી અમિત શાહની સમજાવટ અને સુરક્ષાની ખાતરીના પગલે મોકૂફ રાખવામાં આવી છે. ડોક્ટરો પર હાલમાં વધી રહેલા હુમલાઓને લઈને ડોક્ટરોના સંગઠન દ્વારા ૨૩મીએ એક દિવસની હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સૌથી વધુ મોત થયા છે એમ કહીને સૂત્રોએ કહ્યું કે, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં કોરોનાવાયરસથી સૌથી વધુ મૃત્યુ થયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૨૫૧ લોકોનાં મોત નીપજ્યાં છે. જ્યારે રાજ્યમાં કોવિડ -૧૯

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૭મીને સોમવારે રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સ્થિતિની સમીક્ષા કરશે.
- અમરનાથ યાત્રા બંધ રાખવાના નિર્ણયને મોડી સાંજે પાછો ખેંચાયો.
- પ્રવાસન મંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરાઈ છે કે ૧૫મી ઑક્ટોબર સુધી હૉટલ, રિસોર્ટ અને રેસ્ટોરન્ટને બંધ રાખવાના નિર્ણય અફવા છે.
- કારગીલ સમગ્ર દેશમાં કોરોનામુક્ત જિલ્લો બન્યો
- રાજ્યની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પહેલી અને બીજી પરીક્ષાના ટકાવારીના આધારે ગ્રેડ અપાશે.
- સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોર સામે પોલીસ સાથેના દૂરવ્યહાર સંદર્ભે ફરિયાદ નોંધાઈ.
- દેશના સૌથી વધુ કેસ ધરાવતા પાંચ રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૫૬૪૯ |
| ગુજરાત | ૨૪૦૭ |
| દિલ્લી | ૨૨૪૮ |
| રાજસ્થાન | ૧૮૬૮ |
| તામિલનાડુ | ૧૬૨૯ |
| મધ્યપ્રદેશ | ૧૫૮૭ |
| ઉત્તરપ્રદેશ | ૧૪૪૯ |
| તેલંગણા | ૯૪૩ |

## કેરળની મહિલાનો રિપોર્ટ ૧૯ વાર કોરોના પોઝિટિવ...!!

તિરુવનંતપુરમ્,તા.૨૨

કેરળની એક મહિલાનો રિપોર્ટ ૧૯ વાર કોરોના પોઝિટિવ આવ્યો છે. મહિલાને માર્ચમાં ઈટાલીથી પરત આવેલા પરિવારથી ચેપ લાગ્યો હતો. તે પછી, મહિલાની હોસ્પિટલમાં ૪૨ દિવસથી સારવાર કરવામાં આવી રહી છે.

દક્ષિણ કેરળના પઠાણમથીટ્ટાની ૬૨ વર્ષીય મહિલાનો ૧૯ વાર કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. મહિલાને ૧૦ માર્ચે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ચોંકાવનારી ઘટના બાદ ડોક્ટરો પણ વાયરસના જોખમી સ્વરૂપથી ચોંકી ગયા છે. જિલ્લા મેડિકલ ઓફિસર ડો.એન. શીજા કહે છે કે તેમાં ઘણાં લક્ષણો જોવા મળ્યાં નથી. હાલમાં તેમણે આ અંગે રાજ્યના મેડિકલ બોર્ડની સલાહ માગી છે. સારવાર કરી રહેલા ડોક્ટરે કહ્યું કે મહિલા Asymtomatic છે. પીડિત મહિલામાં અન્યને ચેપ લગાડવાની ક્ષમતા છે. તેમણે કહ્યું કે ઘણી પ્રકારની મિશ્રિત દવાઓ આપવામાં આવી છે.

# દુનિયાભરમાં ૨૫ લાખથી વધુ કોરોનાગ્રસ્ત

**વિશ્વમાં ૧.૭૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યો : જર્મનીમાં ૧.૪૮ લાખ કેસ નોંધાયા : બર્લિન મેરેથોન સ્થગિત**

વોશિંગ્ટન,તા.૨૨

વિશ્વભરમાં કોરોનાના ૨૫.૫૭ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૧.૭૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૬ લાખ ૯૦ હજાર ૪૪૫ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.

અમેરિકાની વાત કરીએ તો અમેરિકામાં ૮.૧૯ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે. ૪૫ હજાર ૩૪૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૮૦૪ લોકોના મોત થયા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકામાં ૬૦ દિવસ સુધી પ્રવાસીઓને આવવા ઉપર પ્રતિબંધ રહેશે.

અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૫૯૮૫ કેસ નોંધાયા છે. વોશિંગ્ટન પોસ્ટ મુજબ ફોર ડિસિસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના ડાયરેક્ટર રોબર્ટ રેડફિલ્ડે ચેતવણી આપી છે કે કોરોનાની બીજી લહેર વધારે વિનાશકારી હશે.

## અમેરિકામાં કોરોનાનું વાવાઝોડુ

વોશિંગ્ટન,તા.૨૨

અમેરિકામાં કોરોના વાયરસનો કહેર ચાલુ છે. આ વાયરસને કારણે દરરોજ હજારો લોકો મરી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં યુએસમાં કોરોના વાયરસને કારણે ૨૭૦૦ લોકોનાં મોત નીપજ્યાં છે. આ સાથે યુ.એસ. માં કોરોના વાયરસને કારણે ૪૫,૦૦૦ થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૮,૦૦,૦૦૦ ને વટાવી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૪૦ હજાર નવા કોરોના વાયરસ સંક્રમણનાં કેસ નોંધાયા છે. દેશમાં આર્થિક મંદીનાં કારણે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનકાર્ડ પર ૬૦ દિવસ માટે પ્રતિબંધ લગાવી દીધો છે. જ્હોન હોપકિન્સ યુનિવર્સિટીનાં ડેટા અનુસાર, યુ.એસ.માં કોવિડ-૧૯ રોગચાળાનાં ૮,૦૦,૦૦૦ પુષ્ટિ થયેલા કેસો નોંધાયા છે, જ્યારે ૪૪,૮૪૫ લોકોએ જીવ ગુમાવ્યો છે.